**મે.વડોદરા ખાતેની મજુર અદાલત નં.ર નાં જજ અને એકસ–ઓફિસીયો કમિશ્નર ફોર વર્કમેન્સ કોમ્પેન્શેસન એકટ, મુ.વડોદરા**

**<u>કામદાર વળતર ( ફેટલ) અરજી નં.૧૫/૨૦૨૪</u>**
**આંક–૨૧**

અરજદાર :– મૈ.સાગર સરદાર વણઝારાના વારસદારો
૧. સરદારભાઈ ખાતુભાઈ વણઝારા(પિતા)
ર. સુશીલા સરદાર વણઝારા(માતા)
૩.વણઝારા કાજલ મયુરભાઈ તે મૈયત સાગર સરદાર વણઝારાની પત્નિ (આંક–૧૩ અન્વયે)
રહે.વણઝારા ફળીયુ, મુ.રાણીપુરા,તા.ઘોઘંબા,જી. પંચમહાલ

::– વિરૂધ્ધ –::

સામાવાળા :– માલિકશ્રી
રત્નમ ભવન રેસીડેન્સી,
નારાયણ સ્મુતિ મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પીટલ પાછળ,
વાઘોડીયા રોડ,વડોદરા.

**<u>હાજર રહયા :</u>**

અરજદાર તરફે :– વિધ્વાન વકીલ શ્રી પ્રિતી એ.શર્મા
સામાવાળા તરફે :– વિદવાન વકીલ શ્રી પાર્થ આર. રાણા

**<u>–: હુકમ :–</u>**

**(૧)** અરજદાર તરફે આંક–૦૧ થી અરજીની હકીકતો રજુ કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, અરજદાર નં.૧ અને ર નો પુત્ર સાગર સરદાર વણઝારા સામાવાળાને ત્યાં છેલ્લા ત્રણ વર્ષથી સળીયા– સેન્ટરીંગની કામગીરી કરતા આવેલ હતા જેથી મરનાર અને સામાવાળા વચ્ચે માલિક અને નોકરના સંબધ પ્રસ્થાપિત થયેલો હતો.સામાવાળા મરનાર સાગર સરદાર વણઝારાને છેલ્લે માસિક પગાર રૂા.૩૦,૦૦૦/– પ્રમાણે ચુકવતા હતા.સામાવાળા બહુમાળી બિલ્ડીંગ બાંધકામના વ્યવસાય સાથે જોડાયેલા છે અને જરૂરીયાત મુજબ કામદારો રાખતા આવેલ છે.સામાવાળાની

ઉપરોકત સરનામે બાંધકામની સાઈટ ચાલુ હતી જેમાં મરનાર સળીયા–સેન્ટરીંગનું કામકાજ કરતા હતા.તા.૨૭/૦૧/૨૦૨૪ ના રોજપણ મરનાર સાગર વણઝારા સામાવાળાના સુપરવાઈઝરની સુચના મુજબ ટાવર–સી ના ચૌથા માળે સળીયાનુ કામકાજ કરતા હતા તે સમય ત્યાં કોઈ વીજ વાયર ખુલ્લા હશે તેના કારણે મરનાર સાગર વણઝારાને વીજ કરંટ લાગેલ હતો જેથી મરનારને સ્થળ ઉપર હાજર લોકોએ સારવાર માટે તાત્કાલીક ૧૦૮ બોલાવી ને નારાયણ સ્મુતિ હોસ્પીટલ હોસ્પીટલ ખાતે લઈ ગયેલ હતા,ત્યાં ર્ડાકટરશ્રીએ પ્રાથમિક તપાસ કર્યા પછી મરણ જાહેર કરેલ હતા.અકસ્માત વખતે મરનાર સાગર વણજારાની ઉંમર ૨૪ વર્ષ અને માસિક પગાર રૂા.૩૦,૦૦૦/–ચુકવતા હતા અને ઉમંર ૨૪ વર્ષ હોય તેના ફેકટર ૨૧૮.૪૭ છે. જેથી વળતરની રકમ રૂા.૧૬,૩૮,૫૨૫/– થાય છે.સામાવાળાએ અકસ્માતની તારીખથી ૩૦ દિવસમાં વળતરની રકમ ચુકવેલ ન હોવાથી વળતરની ઉપર ૫૦% પેનલ્ટીની રકમ તેમજ અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ આપવા સામાવાળા જવાબદાર છે.સામાવાળા પાસેથી વળતરના રૂા.૧૬,૩૮,૫૨૫/–તથા ખર્ચ પેટે રૂા.૧૦,૦૦૦/– સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૨) સામાવાળા તરફે જવાબ રજુ કરવામાં આવેલ નથી.

(૩) અરજદાર તરફે નીચે પ્રમાણે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

::– દસ્તાવેજી પુરાવા –::

| અનુ | વિગત |
|---|---|
| ૧. | સાગર વળઝારાના મરણ દાખલની નકલ |
| ૨. | મરનારના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની નકલ |
| ૩. | અરજદાર નં.૧ ,૨ અને ૩ ના આધારકાર્ડની નકલ |
| ૪. | અરજદારોના રેશનકાર્ડની નકલ |
| ૫. | એફ.આઈ.આર.ની નકલ |
| ૬. | પી.એમ.નોટની નકલ |
| ૭. | સામાવાળાને આપેલ નોટીસની નકલ |
| ૮. | સફેદ પાવતીની નકલ |
| ૯. | જાતિ પ્રમાણપત્ર |

(૪) સામાવાળાઓ તરફે આ કામે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

(૫) હાલના ચાલુ કામે W.C. ફેટલ અરજી નં. ૧૫/૨૦૨૪ ના કામે આંક-૧૯ થી રજુ પુરસીસમાં જણાવે છે કે,સામાવાળા દવારા સદર કેસમાં જમા થયેલ રકમ રૂા.૧૬,૮૯,૯૭૯/- અમોને કબુલ મંજુર છે. સામાવાળા તરફે આંક-૨૦ થી નો-ઓબ્જેકશન પુરસીસ રજુ કરેલ છે.

હાલના કામે W.C. ફેટલ અરજી નં. ૧૫/૨૦૨૪ માં આંક-૧૩ થી મૈ.સાગર વણજારાના પત્નિ વણજારા કાજલ મયુરભાઈ ને વારસદાર તરીકે જોડેલ છે. મૈ.સાગર વણજારાના પત્નિ કાજલબેન વણજારા આંક-૧૫ થી સોંગદનામુ કરી જણાવેલ છે કે,અમો અમારી રાજીખુશી થી પુન: લગ્ન કરેલ છે.અમો રાજીખુશીથી અમારા હકક હિસ્સો જતો કરીએ છીએ.ત્યારબાદ અરજદારો તરફે આંક-૧૬ થી નાણા ઉપાડવાની અરજી કરેલ છે.

હાલના કામે અરજદારોના આધાર કાર્ડ, આંક-૧૭ થી અરજદાર નં.૧ મૈયતના પિતા સરદારભાઈ વણજારાનુ સોગંદનામુ અને આંક-૧૮ થી અરજદાર નં.૨ મૈયતના માતા સુશીલાબેન વણજારા નું સોગંદનામુ રજુ કરેલ છે. આ કામે અરજદારોએ આંક-૧૯ થી પુરસીસ રજુ કરી જણાવેલ છે કે,હાલના કામના સામાવાળાઓએ જમા કરાવેલ રકમ રૂા.૧૬,૮૯,૯૭૯/- તેઓને કબુલ મંજુર છે અને વધુ કોઈ કાનુની કાર્યવાહી કરવા માંગતા નથી.

હાલના કામે સામાવાળા તરફે STANDARD CHARTERD બેંક માં ચલણ નં .૬૪/૨૦૨૪-૨૫ થી ચેક નં.૯૬૭૩૨૫ તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ રૂા.રૂા.૧૬,૮૯,૯૭૯/- જમા કરાવેલ છે.સામાવાળાનું આંક-૨૦ થી નો-ઓબ્જેકશન પુરસીસ રજુ કરેલ છે.આ કામે થયેલ હુકમ મુજબ ગુજરનારના અકસ્માત મૃત્યુ વળતર અંગેની જમા થયેલ રકમ **બેંક ઓફ મહારાષ્ટ્ર કારેલીબાગ ,**વડોદરા ખાતે જજ, લેબર કોર્ટ એન્ડ એકસ-ઓફિસીયો કમિશ્નરશ્રીના નામે તારીખ :૨૯/૦૩/૨૦૨૫ ના રોજ એકાઉન્ટ નંબર : ૬૦૫૩૦૨૪૧૬૦૫ થી ફિકસ ડીપોઝીટ કરવામાં આવેલ છે, જેની ઝેરોક્ષ નકલ આ કામે રજુ છે.જેથી નીચે મુજબના આખરી હુકમથી એફ.ડી.ની રકમની વહેચણી કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

| અનુ. | નામ | એકાઉન્ટ પેઈથી ચુકવવાની રકમ | એફ.ડી. કરવાની રકમ | એફ.ડી.ની મુદત |
|---|---|---|---|---|
| **૧.** | વણજારા સરદારભાઈ | રૂા.૨,૧૧,૨૪૮/- | રૂા.૬,૩૩,૭૪૨/- | પાંચ વર્ષ |
| **૨.** | સુશીલાબેન વણજારા | રૂા.૨,૧૧,૨૪૭/- | રૂા.૬,૩૩,૭૪૨/- | પાંચ વર્ષ |
| | **કુલ** | રૂા.૪,૨૨,૪૯૫/- | રૂા.૧૨,૬૭,૪૮૪/- | કુલ રકમ રૂા.૧૬,૮૯,૯૭૯/- |

## :: શરતો ::

(૧) અરજદારને એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવવાની થતી રકમ, તેઓની યોગ્ય ઓળખ મેળવી ચુકવવા ઠરાવવામાં આવે છે.

**(સંજયકુમાર સુંમતપ્રસાદ જાની)**
**જી.જે.૦૧૧૮૭**
**કમિશ્નર,**
**કર્મચારી વળતર અધિનિયમ,**
મજુર અદાલત નંબર(૨), વડોદરા.

**તારીખ : ૩૦/૧૦/૨૦૨૫**
**સ્થળ : વડોદરા.**
(પી.એમ.હાડા-સ્ટેનો)